Volume-5, Issue-2, Feb - 2016 • ISSN No 2277 - 8160 IF : 3.62 | IC Value 70.36

Research Paper Commerce

# STUDY OF CONSTRUCTION EMPLOYEES.

Prof. Jayna I. Desai Rofel Arts & Com. College, Vapi

KEYWORDS :

વિશ્વમા ખેતી પછી સૌથી વધુ કામદારો બાંધકામ ક્ષેત્રમાં કામ કરે છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન પ્રમાણે વિશ્વમાં અંદાજે 18 કરોડ કામદારો બાંધકામ ક્ષેત્રમા છે. શહેરી વિસ્તાર-માં રોજગારી પૂરી પાડનારો આ મોટો ઉધોગ છે.

ખુબ ઝડપથી વિકસતા જતા સમયમાં બાંધકામ ક્ષેત્રમાં નાવિન્યતા પ્રવેશી છે. નગર તથા મહાનગરના વિકાસ તથા સ્માર્ટસીટીના સમયમાં બાધકામ ક્ષેત્રમાં પરિવર્તનની તાતી આવશયકતા ઉભી થઈ છે. વિકાસની આવશ્યકતા અને ફળસ્વરૂપે લોકોની આવકમાં અને જીવનધોરણમાં ઉધ્વી કરણ થયુ છે. લોકોની રહેણી કરણી માં ખૂબ પરિવર્તનો આવ્યા છે જેથી રહેઠાણના મકાનો, ફેકટરીઓ, ઓફીસો,સડક, પુલ વગેરેમાં વૈશ્વીક સ્પર્શ ઉમેરાયો. તેમ છતાં બાધકામના મૂળ ઢાંચાની જરૂરીયાત અનિવાર્ય જ છે.

વિશ્વમાં ત્રણ ટ્રિલિયન ડોલરનો બાંધકામનો ધંધો કૌશલ્ય વગરની વ્યક્તિથી લઈને કૌશલ્યવાન કારીગરોને નોકરી પૂરી પાડે છે. આમાંથી લગભગ 90 ટકા કામદારો હંગામી કામદારો તરીકે કામ કરે છે.

ભારતમાં લગભગ એક કરોડ કામદારો બાંધકામ ક્ષેત્રમાં છે. જેમાથી એક તૃતિયાંશ બહેનો કામ કરે છે.

બાંધકામ ક્ષેત્રમા કામ કરતા 500 કારીગરોની (સેલવાસ, દાદરા નગર હવેલી) મુલાકાત દરમ્યાન નીચેની માહિતી ઉપલબ્ધ થઈ છે.
બાંધકામ ક્ષેત્રમાં બે પ્રકારના બિનસંચાલકીય કામદારો કામ કરે છે.

1. 90 ટકા હંગામી કામદારો
2. 10 ટકા કાયમી કામદારો

| ક્રમ | વિગતો | હંગામી કામદારો | | કાયમી કામદારો |
|---|---|---|---|---|
| | | મજૂર | કડીય-ા,મિસ્ત્રી,ફીટર, પલ્મબર,મિક્ષર ઓપરેટર | સુપરવાઈઝરઅ,મુકાદમ,ડ્રાઈવ-ર,કલીનર,પ્લાન્ટ ઓપરેટર,વેલ્ડ-ર,હેલ્પર,સ્ટોરકીપર |
| 01 | પગાર | દૈનિક 250 થી 300 રૂ. | દૈનિક 400 થી 600 રૂ. | માસિક 6000થી 12000 રૂ |
| 02 | અભ્યાસ | 30% નિર-ક્ષર, 50% પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ મેળવેલ પણ પૂર્ણ ન કરેલ, 20% પ્રાથમિક શિક્ષણ મેળવેલ પણ મા.શિક્ષણ પૂર્ણ ન કરેલ | 30% નિરક્ષર, 60% પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરેલ, 10% ધોરણ 10 પાસ. | 10% પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ મેળવેલ પણ પૂર્ણ ન કરેલ, 50% પ્રા.શિક્ષણ પૂર્ણ કરેલ, 30% ધોરણ 10 પાસ કરેલ |
| 03 | નિવૃતિના લાભો | નથી મળતા | નથી મળતા | અશતઃ મળે છે. |
| 04. | અન્ય લાભો | નથી મળતા | નથી મળતા | ગ્રેચ્યુઈટી, અકસ્માત, મૃત્યુ લાભ, અશક્તતા લાભ, 50% કામદારોને મળે છે. પેન્શન, બાળકોના પો-ષણના લાભો, શિક્ષણ, આરોગ્યના લાભો નથી મળતા |
| 05. | બોનસ | નથી મળતું | નથી મળતું | મળે છ. |
| 06. | પગાર વધારો | દર વર્ષે | દર વર્ષે | દર વર્ષે |
| 07 | બઢતી | 40% કામદારો પોતાની હોંશિયારીથી શીખી મેળવે છે. | 55% કામ-દારો પોતાની હોંશિયારીથી શીખી મેળવે છે. | 72% કામદારો પોતાની હોંશિયારીથી શીખી મેળવે છે. |
| 08. | સ્વવ્યવ-સાયની સંભાવના | નહીવત | 30% કિસ્સામાં | 60% કિસ્સામાં |
| 09. | વસવાટ | પ્રોજેકટ જ્યાએ માનવીય સગવડોના અભાવમાં વસવાટ | માલિક દ્વારા પ્રોજેકટ જ્યાએ હંગ-ામી રહેવાની સુવિધા | માલિક દ્વારા નજીકના ગામડે શહેરમાં ભાડાનું મકાન ઉપલબ્ધ હોય છે. |
| 10 | બાળકોનુ શિક્ષણ | પ્રોજેકટ જ્યા બદલાતી રહેવાથી 80% કામદારો બાળકોને શિક્ષણથી વંચિત રાખે છે. | બાળકો પોતાના વતનમાં કુટુંબના સભ્યો સાથે રહી શિક્ષણ મેળવે છે. | બાળકો પોતાના વતનમાં કુટુંબના સભ્યો સાથે રહી શિક્ષણ મેળવે છે. |
| 11 | સલામતીના સાધનો | 80% કામદારોને સાધનો આપવામાં આવે છે. પરંતુ તેમાથી માત્ર 45% લોકોજ તેનો ઉપયોગ કરે છે. | 80% કામદા-રોને સાધનો આપવામાં આવે છે. પરંતુ તેમાથી માત્ર 55% લોકોજ તેનો ઉપયોગ કરે છે. | સલામતીના સાધનો ઉપલબ્ધ હોવા છતાં માત્ર 90% કામદારો તેનો ઉપયોગ કરે છે. |
| 12 | અન્યો ક્ષેત્રોમાં કામ બદલનાર કર્મચારીની સખ્યા | 20% | 40% | 45% |
| 13 | સમાન ક્ષેત્રમાં કામ બદલનાર કર્મચારીની સખ્યા | 10% | 20% | 50% |

| | | | | |
|---|---|---|---|---|
| 14 | તાલીમ | કામ કરતા કરતા શિખવાનું | અનુભવી માણસો સાથે કામ કરતા શિખવાનુ | માલિક અથવા ઉપરી મરફત શિખવાનુ |
| 15 | સમાન ક્ષેત્રમાં નોકરી મેળવવાની અનુકુળતા | સરળ | સરળ | 20% કિસ્સામાં મુશ્કેલ |
| 16. | નોકરી ગુમાવવાનું જોખમ | 100% (હંગામી કામદાર) | 100% (હંગામી કામદાર) | 30% |
| 17. | નોકરી અસલામ-તીનું કારણ | હંગામી કામદાર | હંગામી કામદાર | માત્ર એક મહિનાની નોટીસથી છૂટા કરી શકાય છે. |
| 18. | કાર્ય પરધર્મ, જ્ઞાતિ, જાત, પ્રાંત, વગેરેની અસર | નથી હોતી | નથી હોતી | નથી હોતી |
| 19. | બાળકોની કારર્કિદીનું ક્ષેત્ર | પોતાના ક્ષેત્રમાં (80%) | પોતાના ક્ષેત્રમા (65%) | પોતાના ક્ષેત્રમાં (38%) |
| 20. | વ્યસન (ગુટખા, દારૂ, બીડી, તમાકુ) | 95% કામદારો | 70% કામદારો | 55% કામદારો |
| 21. | માંદગીમા સારવાર | મોટેભાગે ભગત, તાત્રિક તથા સ્થાનિક ચિકિત્સકની મદદ લે છે. | મોટેભાગે ભગત, તાત્રિક તથા સ્થાનિક ચિકિત્સકની મદદ લે છે. | આવશ્યકતા મુજબ દાકતરી સારવાર લે છે. |
| 22. | મોબાઈલનો ઉપયોગ | 95% કામદારો | 100% કામદારો | 100% કામદારો |
| 23. | નિવૃતિપછી | પોતાની ખેતી અને બાળકો પર નિર્ભર | પોતાની ખેતી અને બાળકો પર નિર્ભર | પોતાની ખેતી અને બાળકો તથા નજીવી બચત પર આશ્રિત |
| 24. | બેંકોનો ઉપયોગ | 20% કામદારો | 60% કામદારો | 90% કામદારો |
| 25. | ઓવર ટાઈમ વેતન | મળે છે. | મળે છે. | મળે છે. |
| 26. | ભોજન તથા પીવાના પાણીની સગવડ | જાતે ઊભી કરવાની | જાતે ઊભી કરવાની | માલિક દ્વારા ઉપલબ્ધ છે. |

અગાઉ કોન્ટ્રાકટરો દ્વારા બાંધકામ ક્ષેત્રના કામદારોનું ભરપૂર શોષણ થતુ હોવાથી કેંદ્ર સરકારે 1996માં કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ પસાર કર્યો. તથા કામદારોના કલ્યાણ માટે વેલફેર ફંડ રાજ્ય દ્વારા ઊભુ કરવાનો કાયદો પસારકર્યો.

તેમ છતાં ઉપરના અભ્યાસના આધારે આપણે કહી શકીએ છીએ કે બાધંકામ કામદાર કલ્યાણ બોર્ડે કામદારો માટે શિક્ષણ, આરોગ્ય, હાઉસિંગ, પેન્શન લાભ, મેટરનીટી લાભ, બાળકોના પોષણ જેવી અનેક યોજનાઓનો અમલ કરવાનો હોય છે. છતાં હજુ તેનું અમલીકરણ નહીવત પ્રમાણમાં થાય છે. કાયદા પ્રમાણે કામદારોને વેતન, ઓવટાઈમ, માનવીય સગવડો, કેન્ટીન, પીવાનુ પાણી, બાળકો માટે સગવડ જેવી અનેક સવલતો પ્રોજેકટનાં સ્થળે મળે તે નિશ્રિત કરવાની જરૂર છે જે શકય બની નથી.

ફેડરેશનના આંકડા પ્રમાણે 1880માં લગભગ બાંધકામ કામદારોને રોજનું 24 પૈસા વેતન મળતુ હતું. જે આઝાદી સમયે વધીને 45 પૈસા થયેલું જે 1993માં 40 રૂ. અને 2002 માં 60 રૂ. થયુ હતું. આજે 250 થી 300 રૂ. છે. પરંતુ મોંઘવારી વધતા કામદારોની સ્થિતિમાં સુધારો થયો નથી.

બાધકામ ક્ષેત્ર થ્રી ડી એટલેકે ડર્ટી ડેન્જરસ અને ડિમિનિંગ તરીકે ઓળખાય છે. જે આ ઉધોગોના કામદારોની સ્થિતિ રજૂ કરે છે.

સિમેન્ટ, રેતી, કપચીમાં કામ કરવાનું હોય તેનો સ્વાસ્થને જો સાવધાની રાખવામાં ન આવે તો વિપરીત અસર થાય છે. વળી, પ્રોજેક્ટ સ્થળ સતત બદલાતા જીવન ઉપયોગી આવશ્યક સાધનોના અભાવે સુખકારી જળવાતી નથી. આ ક્ષેત્રમાં ઘણા કામદારો અકસ્માતમાં મૃત્યુ પામે છે. કે અશક્ત બને છે. કામદારોના બાળકોના અભ્યાસ,વિકાસ, રહેઠાણ વગેરેની આવશ્યકતા અનુસાર ઉપલ્ભધીનાં અભાવે આ ક્ષેત્રમાં કર્મચારી સંતોષનો દર નીચો જોવા મળ્યો.

પ્રદેશના કે દેશના વિકાસને સરાહનીય બનાવવો હોય તો તળીયાથી લઈને ટોચના માણસોનો વિકાસ થવો અનિવાર્ય છે. પરંતુ ઉપરનો અભ્યાસ તેની ઉપણ સૂચવે છે. કારીગરોને તાલીમ, સલામતી પ્રેરણા વગેરેના, પાઠ શિખવવામાં આવે તથા તેના અમલીકરણ પર ભાર મૂકાય તે આવશ્યક બન્યુ છે.

આઈ.એલ.ઓ. તરફથી દર વર્ષે 28મી એપ્રીલ કામદારોના સ્મૃતિ દિવસ તરીકે ઉજવાય છે. થતા કામદરોની સુરક્ષા તથા આરોગ્ય પ્રત્યે વિશ્વનું ધ્યાન દોરે છે. આ માટે બધાએ કટિબદ્ધતા દર્શાવવાની જરૂર છે. વળી કાયદાનું જ્ઞાન સૌને મળે અને તેનો અમલ થાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે.